# એડીશ્નનલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ કોર્ટ, ધારી–અમરેલી

| | | | |
|---|---|---|---|
| રજુ તારીખ | ૧૭ | ૦૯ | ૨૦૨૪ |
| દાખલ તારીખ | ૧૭ | ૦૯ | ૨૦૨૪ |
| ફેસલ તારીખ | ૦૯ | ૦૬ | ૨૦૨૬ |
| | ૦૧ વર્ષ | ૦૮ મહીના | ૨૨ દિવસ |

**આંક–૨૧**

## ફોજદારી કેસ નંબર:– ૬૯૧/૨૦૨૪

ગુજરાત રાજ્ય
(મુળ ફરિયાદી ઈમ્તિયાઝભાઇ યુનુસભાઇ ગગનીયા) .........ફરિયાદી

વિરુદ્ધ

શામજીભાઇ નાનજીભાઇ સોલંકી

રહે:– ઝરપરા, રામદેવપીરના મંદિરની બાજુમાં
તા:– ધારી, જીલ્લો: – અમરેલી ..........આરોપી

આરોપ ભારતીય ફોજદારી ધારા–૧૮૬૦ ની કલમ–૩૭૯ મુજબનો

સરકાર પક્ષે વિદ્ધાન એ.પી.પી શ્રી : – બી.કે.ચૌધરી અને એમ.એમ.સકસેના
આરોપી તરફે વિદ્ધાન વકીલ શ્રી : – એમ.એચ.ચાવડા

૧) આ કામે ફરિયાદ મુજબ ફરિયાદ પક્ષની ટુંક હકીકત એવી છે કે ગત તારીખ ૨૭/૦૧/૨૦૨૪ ના રોજ રાત્રીના સાડા નવ વાગ્યા આસપાસ ફરિયાદી પોતાની મોટરસાઇકલ પર તેમના ગામના મોહનભાઇ આહિરને બેસાડીને ચલાલા ખાતે લગ્નમા આવ્યા હતા તે વખતે તેમણે પહેરેલા જેકેટના ખિસ્સામા સેમસંગ કંપનીનો એ–૩૧ મોડલ નો મોબાઇલ ફોન ઝરપરાના પાટીયા થી ચલાલા તરફ આવતા પહેલા ડાય વર્ઝન અને બીજા ડાયવર્ઝન ની વચ્ચે ક્યાક પડી ગયો હતો. ફરિયાદીને તેની જાણ થતા તેમણે પોતાના મોબાઇલ પર રીંગ કરી હતી પરંતુ કોઇએ તે મોબાઇલ ઉપાડ્યો ન હતો ત્યારબાદ તે મોબાઇલ સ્વીચ–ઓફ થઇ ગયો હતો. જેથી આ બનાવની ફરિયાદ ચલાલા પોલીસ સ્ટેશનમા અજાણ્યા ઇસમ વિરુદ્ધ આપી હતી.

૨) આ ફરિયાદના આધારે **ચલાલા પોલીસ સ્ટેશનના ગુના રજીસ્ટર નંબર ફર્સ્ટ ૧૧૧૯૩૦૧૩૨૪૦૦૨૩/૨૦૨૪, તારીખ ૦૧/૦૨/૨૦૨૪** થી ગુનો નોંધી ગુનાનુ અનવેષણ, તપાસ કરનાર અધિકારીએ કર્યુ હતુ. જેમાં તપાસ કરનાર અધિકારીએ લાગતા વળગતા સાહેદોના નિવેદનો નોંધવાની, જરૂરી પંચનામાઓ કરવાની કાર્યવાહી કરી હતી. આ ગુનાની તપાસ ના અંતે તપાસનીશ અધિકારીને આરોપી વિરુદ્ધ પુરતો પુરાવો હોવાનુ જણાતા **ફોજદારી કાર્યવાહીના કાયદા–૧૯૭૩ ની કલમ–૧૭૩ (૨)** મુજબ **ભારતીય ફોજદારી ધારા–૧૮૬૦ ની કલમ–૩૭૯** મુજબના ગુનાનુ ચાર્જશીટ કર્યુ છે.

૩) આ ગુનાની ચાર્જશીટના આધારે, અદાલતે **ફોજદારી કાર્યવાહીના કાયદા–૧૯૭૩ ની કલમ–૧૯૦(૧)(બી)** મુજબ ગુનાનુ સંજ્ઞાન લીધુ હતુ. આ કેસમાં આરોપી તેમના વિદ્વાન વકીલ શ્રી સાથે હાજર થયા છે. ત્યારબાદ આરોપી હાજર થતા **ફોજદારી કાર્યવાહીના કાયદા–૧૯૭૩ ની કલમ–૨૦૭ મુજબ** પોલીસપેપર્સની નકલ વિના મુલ્યે પુરી પાડીને **આંક–૧૦** થી તહોમતનામુ ફરમાવી ને **આંક–૧૧** થી આરોપીનુ નિવેદન નોંધ્યુ હતુ. આરોપી એ પોતાના નિવેદન મા ગુનો કર્યો હોવાનો ઇન્કાર કર્યો હતો.

૪) સદરકામમાં ફરિયાદ પક્ષ દ્વારા નીચે મુજબનો પુરાવો રજુ કરવામા આવ્યા છે.

| મૌખિક પુરાવો | |
|---|---|
| આંક–૧૩ | ફરિયાદી/ભોગ બનનાર ઈમ્તિયાઝભાઇ યુનુસભાઇ ગગનીયા ની જુબાની |
| આંક–૧૬ | તપાસનીશ અધિકારી દિક્ષિતભાઈ મનુભાઈ રામાણી ની જુબાની |
| આંક–૧૯ | પંચ સાહેદ ભનુભાઇ બચુભાઇ ની જુબાની |
| આંક–૨૦ | પંચ સાહેદ જગદીશભાઇ હરિભાઇ ની જુબાની |

| દસ્તાવેજી પુરાવો | |
|---|---|
| આંક–૧૪ | ફરિયાદ |
| આંક–૧૭ | બનાવ વાળી જગ્યાનુ પંચનામુ |
| આંક–૧૮ | રીકવરી પંચનામુ અને આરોપીની શરીર સ્થિતિનુ પંચનામુ |

૫) આ કામે ફરિયાદપક્ષે ફરિયાદી સિવાય અન્ય કોઇ સાક્ષીઓ તપાસ્યા નથી. આ કેસમા ફરિયાદપક્ષનો પુરાવો નોંધાય ગયા પછી તે સંદર્ભે આરોપીને ખુલાસો કરવાની તક આપવા માટે **ફોજદારી કાર્યવાહીના કાયદા–૧૯૭૩** ની કલમ–૩૧૩ મુજબ આરોપીનુ વિશેષ નિવેદન નોંધ્યુ છે. જેમા આરોપી એ ફરિયાદપક્ષના પુરાવાનો ઈન્કાર કર્યો છે. વધુમા આરોપીએ પોતાની તરફેણમા જાતે જુબાની આપવા માંગતા ન હોવાની, કોઇ સાહેદો તપાસવા માંગતા ન હોવાની કે કોઇ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવા માંગતા ન હોવાની રજુઆત કરી હતી. વધુમા આરોપી એ

એવી રજુઆત કરી હતી કે " અમો ગરીબ વર્ગના મજુરી ઈસમ હોઈએ પરિવારની જવાબદારી હોય તેમજ અમો તદ્દન નિર્દોષ હોઇ એ અમોને નિર્દોષ કરવા વિનંતિ છે."

## મુદ્દાઓ

(અ) શું ફરિયાદપક્ષ નિશંકપણે સાબિત કરે છે આ કામના ફરિયાદી ગત તારીખ ૨૭/૦૧/૨૦૨૪ ના રોજ રાત્રીના સાડા નવ વાગ્યા આસપાસ ફરિયાદી પોતાની મોટરસાઇકલ પર તેમના ગામના મોહનભાઈ આહિરને બેસાડીને ચલાલા ખાતે લગ્નમા આવ્યા હતા તે વખતે તેમણે પહેરેલા જેકેટના ખિસ્સામા સેમસંગ કંપનીનો એ–૩૧ મોડલ મોબાઈલ ફોન ઝરપરાના પાટીયા થી ચલાલા તરફ આવતા પહેલા ડાય વર્ઝન અને બીજા ડાયવર્ઝન ની વચ્ચે ક્યાક પડી ગયો હોય તે મોબાઈલ ફોન આ કામના આરોપીએ ચોરી કરી લઈ જઈ ભારતીય ફોજદારી ધારા–૧૮૬૦ ની કલમ–૩૭૯ મુજબનો ગુનો કર્યો છે?

(બ) શું હુકમ છે?

૬) **મુદ્દાઓ પરનો નિર્ણય**

(અ) નકારમાં

(બ) આખરી હુકમ મુજબ

૭) **નિર્ણય માટેના કારણો**

મુદ્દા નંબર – ૫ (અ) મુજબ આ કામના આરોપી પર આરોપવામા આવેલ ગુનાઓ અંગે

ફરિયાદ પક્ષના પુરાવાનુ મુલ્યાંકન કરીએ તો ફરિયાદપક્ષે સૌપ્રથમ સાહેદ તરીકે ફરિયાદીને તપાસ્યા છે. ફરિયાદી અદાલત સમક્ષની **આંક–૧૩** થી રજુ સોગંદ પરની જુબાનીમા જણાવે છે કે તારીખ ૨૭/૦૧/૨૦૨૪ ના રોજ રાત્રીના સાડા નવ વાગ્યા આસપાસ તેઓ પોતાની મોટર સાઇકલ પર તેમના ગામના મોહનભાઇ આહિર ચલાલા એક લગ્નમા જતા હતા તે વખતે રસ્તામા ઝરપરાના પાટીયા થી ચલાલા તરફ આવતા તેમના જેકેટના ખિસ્સામાથી તેમનો સેમસંગ કંપનીનો એ–૩૧ મોડેલ નો મોબાઇલ પડી ગયો હતો તેની ખબર પડતા તેમણે પોતાના મોબાઇલ પર ફોન કરતા પુરી રીંગ ગયેલ પરંતુ કોઇએ ઉપાડેલ નહી ત્યારબાદ આ મોબાઇલ સ્વીચ ઓફ થઇ ગયો હતો જેની શોધખોળ કરવા છતા મળી આવ્યો ન હતો. ફરિયાદી જણાવે છે કે તેમણે આ બાબતે ઇ–એફ.આઇ.આર કરી હતી અને ત્યારબાદ બીજા દિવસે ચલાલા પોલીસ સ્ટેશનમા રૂબરૂ ફરિયાદ આપી હતી. ફરિયાદી, ફરિયાદમા પોતાની સહી ઓળખી બતાવે છે. ફરિયાદી જણાવે છે કે તેમણે ફરિયાદ આપ્યા પછી થોડા દિવસ પછી પોલીસ ને મોબાઇલ ફોન મળી આવતા તેમણે મોબાઇલ ઓળખી બતાવેલ. ફરિયાદી જણાવે છે કે તેમને પોલીસને વધારાનો જવાબ આપ્યો હતો. ફરિયાદી જણાવે છે કે આ મોબાઇલ ફોન કોણ ચોરી ગયુ હતુ તેની તેમને ખબર નથી.

ફરિયાદપક્ષના કેસ મુજબ આ કેસમા ગુનાના કામે ચોરાયેલો મોબાઇલ ફોન હાલના આરોપી પાસેથી પંચો રૂબરૂ કબ્જે કર્યો હતો. જેથી ફરિયાદપક્ષે તે અંગેના પંચનામાના પંચ સાહેદો (૧) ભનુભાઇ બચુભાઇ સાપરીયા અને (૨) જગદીશભાઇ હરિભાઇ ચૌહાણ ને સાહેદ તરીકે તપાસ્યા છે. પંચ સાહેદ ભનુભાઇ બચુભાઇ સાપરીયા અદાલત સમક્ષની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે તેઓ ગાંઠીયા ની કેબિનમા બેસીને ગાંઠીયાનો ધંધો કરે છે. પોલીસ તેમની ગાંઠીયાની કેબિન એ આવીને સહીઓ કરાવી જાય છે. પંચ સાહેદ જણાવે છે કે તેઓ ધોરણ–૫ સુધી ભણ્યા છે તેમને વાંચતા આવડતુ નથી તેઓ ખાલી પોતાની સહી કરી શકે છે. પંચ સાહેદ જણાવે છે કે પોલીસ કઇ બાબતે સહી કરાવે છે તેની તેમને ખબર નથી. તેમને લખતા વાંચતા આવડતુ ન હોવાથી સહીઓ કરતા પહેલા કાગળો વાંચ્યા ન હતા કે પોલીસે કાગળની વિગતો વિશે કાંઇ જણાવેલ નહી. પંચ સાહેદ જણાવે છે કે પંચનામા શુ લખ્યુ છે તેની તેમને ખબર નથી. પંચ સાહેદ

તે હકીકતનો ઈન્કાર કરે છે કે પોલીસે તેમની હાજરીમા શામજીભાઇ નાનજીભાઇ સોલંકી નુ નામઠામ પુછ્યુ હતુ અને તેણે પંચસાહેદની હાજરીમા સેમસંગ કંપનીનો એ–૩૧ મોબાઇલ ફોન રજુ કર્યો હતો જે પોલીસે પંચ સાહેદની હાજરીમાં વિગતવારનુ પંચનામુ કરીને કબ્જે લીધો હતો. આમ આ પંચ સાહેદ ફરિયાદપક્ષના કેસને સમર્થન કરતા નથી. પંચ સાહેદ જગદીશભાઇ હરિભાઇ ચૌહાણ અદાલત સમક્ષની સોગંદ પરની જુબાનીમાં આંક–૧૮ થી રજુ પંચનામામા પોતાની સહી ઓળખી બતાવે છે. વધુમા તેઓ જણાવે છે કે તે સહી ક્યા કરી હતી તે યાદ નથી.પંચ સાહેદ જણાવે છે કે તે પંચનામામા શું લખ્યુ છે તેની તેમને ખબર નથી. વધુમા તેઓ જણાવે છે કે પોલીસ તેમને અવારનવાર સહી કરવા બોલાવે છે ત્યારે તેઓ સહી કરી આપે છે. પંચ સાહેદ જણાવે છે કે તેઓ ધોરણ–૪ સુધી તેમને પોતાની સહી કરતા આવડે છે. તેઓ સહી કરતા સમયે કાગળ વાંચતા નથી કે પોલીસ તેમને કાગળોની વિગત વિશે કાઈ જણાવતી નથી. પંચ સાહેદ તે હકીકતનો ઈન્કાર કરે છે કે પોલીસે તેમની હાજરીમા કોઇ વ્યક્તિ પાસે થી ચોરીનો મોબાઇલ કબ્જે લીધો હોય અને ત્યારબાદ તે ઇસમની શરીર સ્થિતિનુ વિગતવારનુ પંચનામુ પંચ સાહેદની હાજરીમા કરી તેની અટક કરી હોય તેવુ બન્યુ નથી. પંચ સાહેદ તે હકીકતનો ઈન્કાર કરે છે કે પોલીસે તેમની હાજરીમા શામજીભાઇ નાનજીભાઇ સોલંકી નુ નામઠામ પુછ્યુ હતુ અને તેણે પંચસાહેદની હાજરીમા સેમસંગ કંપનીનો એ–૩૧ મોબાઇલ ફોન રજુ કર્યો હતો જે પોલીસે પંચ સાહેદની વિગતવારનુ પંચનામુ કરીને કબ્જે લીધો હતો. આમ આ પંચ સાહેદ ફરિયાદપક્ષના કેસને સમર્થન કરતા નથી. આમ આ કામે ફરિયાદમા જણાવ્યા મુજબનો મોબાઇલ હાલના આરોપી પાસે થી રીકવર થયો હોવાનુ પુરવાર થતુ નથી.

ફરિયાદપક્ષે આ કામે **આંક–૧૬** થી તપાસનીશ અધિકારી ને સાહેદ તરીકે તપાસ્યા છે. તેઓ અદાલત સમક્ષની સોગંદ પરની જુબાની તેમણે આ ગુનાની તપાસ દરમ્યાન કરેલી કાર્યવાહી વિશે જણાવે છે. તેઓ જણાવે છેકે ફરિયાદમા જણાવ્યા મુજબનો મોબાઇલ આ કામના આરોપી પાસે થી મળી આવતા પંચનામાની વિગતે પંચોની હાજરીમા કબ્જે લીધો હતો. પરંતુ આ હકીકતને અન્ય સાહેદોની જુબાની થી સમર્થન મળતુ નથી. આમ ફરિયાદપક્ષે તપાસેલા મુખ્ય સાહેદો જ

ફરિયાદપક્ષના કેસને સમર્થન કરતા નથી. આ કામે ફરિયાદીએ, આરોપીને જોયો નથી. ફરિયાદ મુજબ ફરિયાદીનો મોબાઇલ પડી ગયો હતો. તે મોબાઇલ આરોપી પાસેથી મળ્યો હતો તે હકીકત પુરવાર થતી નથી. વધુમા મોબાઇલ નધણીયાતી હાલતમા મળ્યો હોવાથી તે ઇ.પી.કો કલમ–૩૭૯ મુજબનો નહી પરંતુ ઇ.પી.કો કલમ–૪૦૩ મુજબનો ગુનો બને. ફરિયાદીને, પોતાનો મોબાઇલ કોની પાસે થી મળ્યો તે હકીકત ની ખબર નથી. આ કામે આરોપી પાસેથી મુદ્દામાલ રીકવર થયો હોવાના પંચનામાના પંચો ફરિયાદપક્ષના કેસને સમર્થન કરતા નથી. આરોપી પાસે થી મોબાઇલ રીકવર થયો હોવાના અન્ય કોઇ સાંયોગિક પુરાવા રેકર્ડ પર નથી. આમ આ કેસમાં ફરિયાદપક્ષે રજુ કરેલા પુરાવાઓ પરથી આરોપી વિરુદ્ધ આરોપવામાં આવેલો ગુનો નિશંકપણે સાબિત થતો નથી તેવુ આ અદાલતનુ નમ્રપણે માનવુ છે. આથી મુદ્દા નંબર ૫ (અ) નો જવાબ નકારમાં આપીને નીચે મુજબનો આખરી હુકમ કર્યો છે.

## હુકમ

આ કામે આરોપી શામજીભાઇ  નાનજીભાઇ સોલંકી રહે:– ઝરપરા, રામદેવપીરના મંદિર પાસે, તાલુકો:– ધારી, જીલ્લો: – અમરેલી વાળાઓ ને તેમની વિરુદ્ધ આરોપવામાં આવેલા **ભારતીય ફોજદારી ધારા–૧૮૬૦ ની કલમ–૩૭૯** મુજબના ગુનામાથી ફોજદારી કાર્યવાહીના કાયદા–૧૯૭૩ ની કલમ–૪૩૭(ક) મુજબના ગુનામાથી નિર્દોષ છોડી મુકવાનો હુક્મ કરવામાં આવે છે.

આ ગુનાના કામે ચલાલા પોલીસ સ્ટેશનની **મુદ્દામાલ પાવતી નંબર ૧૨/૨૦૨૪,** તારીખ ૧૬/૦૨/૨૦૨૪ થી કબ્જે કરવામા આવેલો મુદ્દામાલ મોબાઇલ ફોન હાલના ફરિયાદીને પરત સોપી દેવાનો હુકમ થયો છે. તેથી હવે પછી તે હુકમની માત્ર શરતો રદ્દ કરવામાં આવે છે અને બાકીનો હુકમ કાયમ રાખવામા આવે છે. ફોજદારી કાર્યવાહીના કાયદા–૧૯૭૩ ની કલમ–૪૩૭(ક) મુજબ અપીલ સમય સુધીના રૂપિયા ૧૫,૦૦૦/– ના નવા સદ્ધર જામીન અને તેટલી

જ રકમનો જાત મુચરકો રજુ કરવો.

આ હુકમ આજરોજ તારીખ ૦૯/૦૬/૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ– ૦૯/૦૬/૨૦૨૬

સ્થળ– ધારી

(એચ જે ઝાલા)
બીજા અધિક ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ
ધારી
જજ કોડ– જીજે–૦૧૩૬૯